# વડગામ વાઈરલ ફીવરના ભરડામાં : શંકાસ્પદ ડેન્ગ્યુના ૨૦થી વધુ કેસ

## આરોગ્ય તંત્ર ઘોરનિંદ્રામાં : પ્રજાજનો રામ ભરોસે : તાલુકામાં બેઠેલા ઉગાડાપગા ડોક્ટરોને તડાકો



વડગામ

વડગામ તાલુકો છેલ્લા કેટલાય દિવસોથી વાયરલ ફીવરના ભરડામાં સપડાયો છે. સરકારી–ખાનગી તેમજ તાલુકાના ગામડાઓમાં બેઠેલા ઉગાડાપગા ડોક્ટરો ના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જ્યાં ખાનગી દવાખાનાઓમાં ૨૦થી વધુ લોકોને શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.બીજી તરફ તાલુકા નું આરોગ્યતંત્ર લકવા ગ્રસ્ત બનીને ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું છે.તાલુકાની જનતા રામ ભરોસે હોય તેવો અહેસાસ તાલુકા ની જનતાને થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા સત્વરે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

વડગામ પંથકમાં છેલ્લા કેટલાય દિવસોથી લોકો વાઈરલ ફીવરના ભરડામાં સપડાયા છે.જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર ગરીબ દર્દીઓ તાવ, શરદી, ખાંસી, પેટમાં દુખાવો થવો, પ્લેટનેસ કાઉન્ટ વધ ઘટ સહીતની બિમારીએ લોકોમાં ફેલાતાં દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે એમાંય તાલુકા આરોગ્ય તંત્રની મહેરબાનીથી બેઠેલા ઉગાડાપગા ડોક્ટરો દ્વારા ગામડાની ભોળી અને અભણ પ્રજાનો ભરપુર લાભ લઈને ખુલ્લેઆમ લુટતા રહ્યા હોવાની ફરિયાદો તાલુકા ના લોકોમાં થઈ રહી છે.તાલુકાની ખાનગી લેબોલેટરી જોડેથી મળતી મુજબ લેબોલેટરીમાં રોજના ટેસ્ટ ૨૦ થી ૩૦ જેટલા દર્દીઓ આવે છે. અને તેમાંથી મહિનામાં ૧૫થી ૨૦ કેશ ડેન્ગ્યુના સંકાસ્પદ લક્ષણો વાળા કેશ જોવા મળી રહયા છે.થોડા દિવસ પહેલાં છાપીમાં બે અને હોંતાવાડામાં એક પાંચ વર્ષની બાળકીને શંકાસ્પદ ડેન્ગ્યુ થયો હતો. ત્યારે એક કિશોરનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છતાં વડગામ બ્લોક હેલ્થ કચેરીના અધિકારીઓ વડગામ તાલુકામાં સર્વે ની કામગીરી કરવાનું ટાળી રહ્યા છે. વડગામ સી. એસ. સી. અને તાલુકાના બીજા ગામોમાં આવેલા પી. એચ. સી. માં રોજના સરેરાશ ૧૦૦ કરતા વધુ દર્દીઓ આવતા હોવાનું તબીબ જણાવી રહ્યા છે. તેમ છતાં વડગામ આરોગ્ય વિભાગ હજુ ઘોર નિંદ્રામાં સૂઈ રહ્યું છે. આ અંગે વડગામ સી.એસ.સી. ડો. અનિલભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, રોજના ૧૫૦ કરતા વધુ દર્દીઓ તપાસ માટે આવી રહ્યા છે. જેમાં મોટા ભાગના વાઈરલ ફીવરના દર્દીઓ છે અને કેટલાકમાં ડેન્ગ્યુના લક્ષણો જોવા મળતા તેમને પાલનપુરમાં ડેન્ગ્યુનો રિપોર્ટ અને તપાસ કરવા માટે જણાવ્યું છે.

### ઓપીડીના આંકડા

| | |
|---|---|
| વડગામ સી.એસ.સી. | ૧૫૦ કરતા વધુ |
| મેમદપુર સી.એસ.સી | ૧૦૦થી ૧૩૦ |
| જલોતરા | ૧૩૦થી ૧૫૦ |
| નાંદોત્રા | ૧૧૦થી ૧૨૦ |
| પિલૂચાં | ૮૦થી ૧૦૦ |

### ઉઘાડપગા ડોકટરોની લૂંટ

વડગામ તાલુકામાં તાલુકા આરોગ્ય અધિકારી રહેમ નજર હેઠળ તાલુકાના ગામે ગામ ઉગાડાપગા ડોકટરો નો રાફડો ફાટયો છે.ગામડાઓમા ગરીબ દર્દીઓને ખુલ્લેઆમ બાટલા ચડાવી તેમજ ઈન્જેક્શન નો આપીને બિન્દાસ નિર્ભયરીતે લૂંટી રહ્યા છે. તાલુકા ના સી.એચ.સી.પી.એચ.સી માં બેઠેલા ડોકટરો દ્વાર કાર્યવાહી કરવાના બદલે સાવરતા હોવાના આક્ષેપો સાથે ની ફરીયાદો લોકો માં થઈ રહી છે તાલુકા માં ટી.એચ.ઓ.પણ ઈન્ચાર્જ માં હોવાથી ઉગાડાપગા ડોક્ટરો ને બખ્ખા પડી રહ્યા છે.ત્યારે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા વડગામ પંથકમાં બેઠેલા ઉગાડાપગા ડોકટરો સામે લાલ આંખ કરીને તપાસ હાથ ધરે તેવું તાલુકા ની જનતા ઈચ્છી રહી છે.

### વડગામ આરોગ્ય અધિકરી ઇન્ચાર્જમાં હોવાથી સમય ફાળવી શકતા નથી

વડગામ બ્લોક હેલ્થ કચેરીના આરોગ્ય અધિકારીનો ચાર્જ અમીરગઢ આરોગ્ય અધિકારી ડી. બી. મહેતા જોડે હોવાથી તેઓ અઠવાડિયામાં બે દિવસ પણ વડગામમાં ફાળવી શકતા નથી. અને હાથપગા ડોકટરો ગરીબ દર્દીઓને લૂંટી રહ્યા છે. તાત્કાલિક સરકાર દ્વારા આ જગ્યા ભરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે. છેલ્લા એક વર્ષથી ટી.એચ.ઓ.ની જગ્યા ઈન્ચાર્જ ના હવાલે હોવાથી આરોગ્ય નો વહીવટ કથળી રહ્યો છે.

## ખેડબ્રહ્મામાં વૃદ્ધ દંપતીને છેતરી સોનાના દાગીના લઈ બે ઈસમો ફરાર

ખેડબ્રહ્મા શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ફેલેટમાં એક દંપતી બે ધુતારોનો ભોગ બન્યું હતું. ઘરમાં આવી દાગીના સાફ કરવાના બહાને છેતરપિંડી કરી ફરાર થઈ ગયા હતા. ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોકુલધામ ફ્લેટમાં શામળભાઈ રામભાઈ પ્રજાપતિ, તેમના પત્ની ડાહીબેન અને પુત્ર, પુત્રવધૂ સાથે રહે છે. તેમના પુત્ર અને પુત્રવધૂ શિક્ષક તરીકે નોકરી કરતાં હોય બંને જણા નોકરી જતાં રહ્યા બાદ બપોરે તેમના ફ્લેટનો દરવાજો ખટખટાવતા તેમણે ખોલતા બે ઈસમો આવેલ અને જણાવેલ કે તેઓ ભૈયાજી કંપનીમાંથી આવે છે અને પિત્તળના વાસણ ચમકાવી આપે છે. એવુ જણાવી અંદર આવેલા અને શામલભાઈએ એક તપેલી સાફ કરેલ અને ત્યાર બાદ સોનાના દાગીના પણ સાફ કરવાનું પણ જણાવેલ અને ત્યાર બાદ પતિપત્નીને કઈ ખબર ન પડેલ અને અર્ધ બેહોશ થઈ ગયેલા અને આવેલ વ્યક્તિઓએ શામલભાઈના હાથમાં સોનાની એક ગ્રામની વીંટી આશરે ૭૦૦૦, ગળામાથી સોનાની ચેન બે તોલાની કિંમત રૂ. ૨૮૦૦૦ ડાહીબેનના હથમાની સોનાની બે બંગડીઓ આશરે ૩ તોલની કિમત રૂ. ૪૨૦૦૦, ગળમાથી સોનાની કંઠી ૧ આશરે ૨ તોલની કિમત રૂ. ૨૮૦૦૦ કોઈ પ્રવાહી લગાડી કાઢી લીધી હતી. જ્યારે બાને હોશમાં આવતા આ સોનાની વસ્તુઓ ના હોય અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોધી હતી.



**ખેડબ્રહ્મા તાલુકાની પાંચ બાળાઓ અંડર-૧૭ કબડ્ડીમાં રાજ્યકક્ષાએ ઝળકી**

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ આદર્શ નિવાસી શાળા કન્યા ખેડબ્રહ્માની બાળાઓએ રાજ્યકક્ષાની અંડર ૧૭ (કબડ્ડી)સ્પોર્ટ સંકુલ અમદાવાદ નિકોલ ખાતે ભાગ લીધો જેમાં પાચ દિકરીઓએ રાજ્યમાં સારૂ પ્રદર્શન કરવા બદલ મદદનીશ કમિશનર આર. આર. ડામોર આદિજાતિ વિકાસ હિંમતનગર આચાર્ય શ્રીમતી સી. કે. ડામોર તથા વ્યાયામ શિક્ષક કે. ડી. કે પ્રજાપતિ તથા સ્ટાફ ગામેતી રોશનબેન, પરમાર સોનલબેન, ચેનવા જ્યોતિબેન, ગામેતી રોહિતાબેન, મકવાણા દિપિકાબેનને પરિવાર અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસા શહેરમાં રાસોત્સવ, સ્વાદોત્સવ સાથે શરદ પૂનમની ઉજવણી

મોડાસા, તા. ૧૪

શરદ પૂર્ણિમાની રઢિયાળી રાતમાં ભગવાન શ્રીકૃષ્ણએ વૃંદાવનમાં હજારો ગોપીઓ સંગ



રાસલીલા કરી હતી. જેથી આસો સુદ-૧૫ના દિવસે હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં રાસોત્સવની ઉજવણી કરવામાં આવે છે. સમય સાથે હવે શરદ પૂનમ સાથે ખાણી-પીણી પણ જોડાતા શરદ પૂર્ણિમાની રાત્રીએ મોડાસા શહેરમાં રાસોત્સવ અને સ્વાદોત્સવ સાથે શરદ પૂનમની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસા શહેરમાં મેઘરજ રોડ પર આવેલા પ્રનાથજી મંદિર પરિસરમાં નિજાનંદ યુવક મંડળ દ્વારા શરદપૂર્ણિમાની રાત્રીએ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોડાસા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પ્રણામી સંપ્રદાયના લોકો ઉમટ્યા હતા. મોડાસા શહેરના રામપાર્ક યુવક મંડળ દ્વારા સૌપ્રથમવાર શરદ પૂર્ણિમા મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓએ પ્રાચીન-અર્વાચીન સ્ટેપ સાથે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શરદ પૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી શરદ પૂર્ણિમામાં દૂધપૌઆની પરંપરા હવે વિસરાતી જઈ રહી છે. તેમ છતાં પરંપરામાં માનનારા પરિવારો શરદ પૂનમે ચાંદનીના અજવાળામાં રાખેલા દૂધપૌઆને આરોગ્યા હતા.

## પાટણ જિલ્લાની ગર્લ્સ ફૂટબૉલ એકેડેમીની ટીમ રાજ્યકક્ષાએ ચેમ્પિયન

### અંડર-૧૭ની ગર્લ્સ ફૂટબોલ ટીમ રાજસ્થાનના અજમેર ખાતે ૨૧ ઓક્ટોબરથી શરૂ થતી નેશનલ ચેમ્પીયનશીપ ઓફ સ્કુલ ગેમ્સ અંતર્ગત ફૂટબોલ સ્પર્ધામાં લેશે ભાગ

પાટણ, તા. ૧૪

ખેલ મહાકુંભ-૨૦૧૯ની રાજ્યકક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં હિંમતનગર સ્પોર્ટ્સ એકેડેમીની ફૂટબૉલ ટીમને હરાવી પાટણ જિલ્લાની સ્પોર્ટ્સ એકેડેમીની ટીમ રાજ્યકક્ષાએ વિજેતા બની છે. રાજ્યકક્ષાએ વિજેતા બનેલી અંડર-૧૭ ગર્લ્સ ફૂટબૉલ ટીમ સિલેક્શન બાદ રાજસ્થાન ખાતે આગામી ૨૧ ઓક્ટોબરથી શરૂ થતી નેશનલ ચેમ્પિયનશીપ ઑફ સ્કુલ ગેમ્સની ફૂટબૉલ સ્પર્ધામાં ભાગ લેશે.

રાજ્ય સરકાર દ્વારા ખેલકૂદ અને રમતગમતને પ્રોત્સાહન મળે તે હેતુ પ્રતિવર્ષ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ રમતોની આંતર શાળાકીય કક્ષાથી લઈ રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત રાજ્યકક્ષાની અંડર-૧૭ ગર્લ્સ ફૂટબૉલ સ્પર્ધા હિંમતનગરના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. જેમાં ઉત્તર ગુજરાત ઝોનમાં સમાવેશ થતી પાટણ જિલ્લાની સ્પોર્ટ્સ એકેડેમીની ગર્લ્સ ફૂટબૉલ ટીમ તથા હિંમતનગર સ્પોર્ટ્સ એકેડેમીની ટીમ વચ્ચેના મુકાબલા બાદ પાટણની ટીમ ૨-૦ થી વિજેતા બની હતી.




ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત રાજ્યના ચાર ઝોન દીઠ ૨ ટીમ મળી કુલ ૮ ટીમોએ રાજ્યકક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ઝોનલ કક્ષાએ રમેલી ઉત્તર ગુજરાતની જ પાટણ તથા હિંમતનગરની સ્પોર્ટ્સ એકેડેમીની ગર્લ્સ ફૂટબૉલ ટીમ વચ્ચે અંડર-૧૭ ગર્લ્સ ફૂટબૉલની સ્ટેટ લેવલની ફાઈનલ મૅચ રમાઈ હતી. આ મૅચમાં વિજેતા બનેલી પાટણની સ્પોર્ટ્સ એકેડેમીની ટીમ ફાઈનલ સિલેકશન બાદ રાજસ્થાનના અજમેર ખાતે આગામી ૨૧ ઓક્ટોબરથી શરૂ થતી નેશનલ ચેમ્પિયનશીપ ઑફ સ્કુલ ગેમ્સમાં ભાગ લેશે. પસંદગીકાર તરીકે પાટણના ટ્રેનર કૉચ અનંત ચૌધરી, હિંમતનગર એસ.એ.જી.ના એક્સપર્ટ કૉચ તરૂણ રૉય અને ગુજરાત ફૂટબૉલ એસોશિએશનના સેક્રેટરી ગુલાબસિંહ ચૌહાણ દ્વારા ફાઈનલ મૅચ રમેલી ટીમો પૈકીની ૩૦ ખેલાડીઓમાંથી ૧૮ ખેલાડીઓને સિલેક્ટ કરી નેશનલ લેવલ પર સ્પર્ધામાં ભાગ લેવા મોકલવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં વિજેતા બનેલી પાટણ જિલ્લાના મહાદેવપુરા ગામની અંડર-૧૭ ગર્લ્સ ફૂટબૉલ ટીમે આ અગાઉ ચેન્નઈ ખાતે યોજાયેલી વર્ષ ૨૦૧૯-૨૦ની એસોશિએશન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળામાં જ ફૂટબૉલનું પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલ પર રમી ચૂકેલી આ ટીમને વધુ સારૂ પ્રશિક્ષણ મળી રહે તે માટે તાજેતરમાં જ પાટણના સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ ખાતે ગર્લ્સ ફૂટબૉલ એકેડેમી શરૂ કરવામાં આવી હતી. જેમાં મહાદેવપુરા ગામની ૫૦ જેટલી ગર્લ્સ ફૂટબોલર્સને પંજાબના પ્રશિક્ષિત કૉચ દ્વારા ફૂટબૉલની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી રહી છે.

## પ્રાંતિજ મોદી સમાજ દ્વારા શરદ પૂનમ નિમિત્તે ગરબા યોજાયા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ



દ્વારા શરદપૂનમને લઈને ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોદી સમાજના ભાઈ-બહેનો તથા ગરબા રસિકો ગરબે ધુમતા નજરે પડ્યા હતા.

પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા આ વર્ષે શરદપૂનમને લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ લીલાવતી પાર્ટીપ્લોટ ખાતે ગરબા નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગરબા રસિકોએ ભાગ લીધો અને ગરબે ઘુમતા નજરે પડયા હતા. નવલી નવરાત્રીના નવ દિવસ ગરબે ધુમ્યા છતાં નવરાત્રીના છ દિવસ બાદ પણ ફરી શરદપૂનમને લઈને ખૈલયાઓ મન મુકીને ગરબે ધુમતા નજરે પડ્યા હતા. મોદી સમાજના ભાઈઓ બહેનો પણ મોટી સંખ્યામાં લીલાવતી પાર્ટી પ્લોટ ખાતે ઉપસ્થિત રહ્યાં હતા અને ગરબે ધુમી ગરબાની રમઝટ બોલાવી હતી. સમાજના પ્રમુખ ભાવેશભાઈ મોદી તથા મંત્રી મુકેશભાઈ મોદી દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રીના નાસ્તા અને દૂધ પૈવાનો પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## જુનાડીસામાં દારૂડિયા તત્વોની ભારે રંજાડ

ડીસા, તા. ૧૪

ડીસા તાલુકાના કોમી એકતા માટે વખણાતાં જુનાડીસા ગામે છેલ્લા કેટલાક સમયથી દારૂડિયા તત્વોની રંજાડ વધી જવા પામી છે તેથી આમ પ્રજાને ભારે હાડમારીઓ વેઠવાનો વારો આવ્યો છે.

જુનાડીસા ગામે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન ફાળવાયું છે પરંતુ ૨૦૧૫ના અતિ ભારે વરસાદમાં ભાડાનું મકાન પડી ગયા બાદ હજુ સુધી આઉટ પોસ્ટનું મકાન મળ્યુ નથી તેથી જમાદાર સહિતનો સ્ટાફ રૂરલ પોલીસ મથકેથી ગામનો વહીવટ કરે છે મતલબ પોલીસની સતત ગેરહાજરીના કારણે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. જેના કારણે ગામના ખૂણે ખાંચરે દારૂ અને જુગારના અડ્ડા ધમધમે છે જેની આડમાં દારૂ પીને છાકટા બનેલા તત્વો જાહેરમાં લવારી કરી વેપારીઓ અને નિર્દોષ લોકો ઉપર જોહુકમી દાખવતા હોય છે. જેના કારણે ઘણી વખત મામલો વણસી પણ જાય છે જેથી ગામની ઓળખ સમાન કોમી એકતા જોખમાય તેમ છે. જેને ગંભીરતાથી લઈ પોલીસ અસામાજિક તત્વો વિરુદ્ધ લાલ આંખ કરે તેવો જનમત પ્રવર્તે છે.



**ખેડબ્રહ્માના ખેડૂતોને વળતર ચૂકવવા આવેદનપત્ર અપાયું**

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં ચાલુ સાલે અતિ ભારે વરસાદના કારણે કપાસના બિયારણ પ્લોટનું વાવેતર મોટા પ્રમાણ આદિવાસી ભાઈઓએ વાવેતર કરેલ અને આ વરસે વધુ વરસાદના કારણે કપાસના બિયારણના જે ફળ આવતા હોય છે તે ભારે વરસાદના કારણે કપાસના બિયારણનું ઉત્પાદન સહેજ પણ થઈ શેકલ નથી. ગરીબ આદિવાસી ખેડૂતો મોઘા બિયારણ અને દવાઓ વાપરી નુકશાનમાં આવેલ છે, માટે આ ખેડૂતોને ૧૦૦ ટકા વળતર મળી રહે તે માટે ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિન કોટવાલ, નરેશભાઈ પટેલ, પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ, સહિતના લોકોએ પ્રાંત અધિકરણે આવેદન પત્ર આપ્યુ હતું.